જન્મદિને વધામણી

બળવંતરાય જે. શુક્લ
પૂર્વ આચાર્ય
મો. ૯૮૨૪૫ ૬૬૯૬૮

તક્ષિલ સુરેશભાઈ ગુર્જર
મો. ૯૯૨૪૨ ૪૧૨૫૨

જય એન બાબરીયા
મો. ૯૪૦૮૭ ૫૭૧૫૭

આરાધનાબેન જે ત્રિવેદી
ફોન: ૨૩૨૨૯૧૩૩

વિશ્વા કનૈયાલાલ નાયી
મો. ૯૯૭૪૫ ૩૮૧૯૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

હસ્તશિલ્પના રાષ્ટ્રીય મેળામાં

ગાંધીનગરના મુક્તા આર્ટના કલાકારો દ્વારા ગરબાની પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૨૩

નવી દિલ્હીમાં રાષ્ટ્રીય હસ્તશિલ્પ મેળામાં આ વર્ષે ગુજરાતના ગાંધીનગરના સાંસ્કૃતિક કલા સંસ્થા મુક્તા આર્ટના ૨૧ ચુનંદા કલાકારોએ ગીત-ગરબાની સતત રમઝટ સાત દિવસ સુધી દિવસભર નવ-નવ કલાકની પ્રસ્તુતિ સાથે કરી હતી. આ હસ્તશિલ્પ મેળામાં દેશ-વિદેશના હજારો લોકો દરરોજ આવતા અને ગુજરાતી કલાકારોની ગરબા પ્રસ્તુતિને માણી મંત્ર મુગ્ધ કરતા હતા.

'મુક્તા આર્ટ' ગાંધીનગરમાં સાર્વજનિક ટ્રસ્ટ મુક્તા ગૌરી ચેરીટેબલ ટ્રસ્ટનું સાંસ્કૃતિક ગ્રુપ છે. અને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી તથા ટી.વી. નાટ્ય અભિનેત્રી શ્રીમતી વિભા ઠક્કરના નિદર્શન હેઠળ ગુજરાત સરકારના નિમંત્રણથી હસ્તશિલ્પ મેળાના પટાંગણમાં તા. ૧૦ થી ૧૬ જૂન-૨૦૧૬ સુધી ગરબા-ગીતોથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર ગરબાની ગ્રુપ કોરિયોગ્રાફી કુંજલબેન તન્નાની હતી. હસ્ત શિલ્પના વરિષ્ઠ નિર્દેશક સોહનકુમાર ઝાએ સમાપન દિવસે 'મુક્તા આર્ટ'ના દિગ્દર્શક શ્રીમતી વિભા ઠક્કરને કલ્ચર ટ્રોફી અને ગ્રુપની બહેનોને પ્રસંશા પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

'મુક્તા આર્ટ'ના નેજા હેઠળ આ કાર્યક્રમ માટે ગુજરાત ભવન નવી દિલ્હી તેમજ ભારત સરકારની વિવિધ સંસ્થાઓ તરફથી સુંદર પ્રતિસાદ મળ્યો હતો. ગુજરાત ભરમાં રણોત્સવ અને નવરાત્રીમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રશંસાને પાત્ર બન્યા છે. આ ઉપરાંત પ્લે, શેરી નાટકો, એકાંકી સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રાજ્યભરમાં યોજવામાં આવે છે.

સે. ૨૪ સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવની ઉજવણી

સેક્ટર-૨૪માં કાર્યરત સરકારી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતુ. શાળામાં પ્રવેશ લઈ રહેલાં બાળકોને શૈક્ષણિક કિટ ભેટમાં આપવામાં આવી હતી.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
જુનૂનિયત
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રમન રાઘવ
૭.૦૦

સ્ક્રીન-૩
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, અંગ્રજી)
૨.૪૫, ૭.૪૫
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪
જુનૂનિયત
સવારે ૧૦.૦૦
દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
૭ અવર્સ ટુ ગો
૬.૪૫

સ્ક્રીન-૫
ઉડતા પંજાબ
૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રમન રાઘવ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦

ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે બોપલમાં આંગણવાડીનાં બાળકોને ફ્રુટનું વિતરણ

ગાંધીનગર, તા. ૨

ભારતીય જનસંઘના સ્થાપક, મહાન ચિંતક અને પ્રખર રાષ્ટ્રવાદી એવા પ્રેરણાસ્ત્રોત ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના બલીદાન દિન નિમિત્તે બોપલના કાઉન્સિલર રેખાબેન સરડવા તથા કાઉન્સિલર વૃશાલી દાતાર દ્વારા આંગણવાડીના બાળકોને ફ્રુટ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના બલીદાન તથા સંઘર્ષ પુર્ણ જીવન વિશે લોકોને માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બોપલ ઘુમા નગરપાલીકાના કાઉન્સિલર રેખા સરડવા, કાઉન્સિલર વૃશાલી દાતાર તથા ડૉ.દિપીકા સરડવા સહિત બાળકો ઉપસ્થીત રહ્યા હતા.

બોપલ ઘુમા નગરપાલીકાના કાઉન્સિલર રેખાબેન સરડવા અને વૃશાલી દાતારે જણાવ્યું હતું કે, ભારતીય જનસંઘના સ્થાપક, મહાન ચિંતક અને પ્રખર રાષ્ટ્રવાદી એવા પ્રેરણાસ્ત્રોત ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનું જીવન આપણને સૌને સદા પ્રેરણા આપતુ રહ્યું છે. તેઓએ "એક દેશ મેં દો વિધાન, દો પ્રધાન ઔર દો નિશાન નહિ ચલેંગે" સૂત્ર આપ્યું હતું. ભારત દેશ આઝાદ થયા પછી કાશ્મીર માં જે સમસ્યાઓ ઉભી થઈ હતી તેના કાયમી નિરાકરણ માટે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી દ્વારા સવિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના બલીદાન દિને આંગણવાડીનાં બાળકો અને ઉપસ્થીત લોકોને દેશ ભક્તિનાં ગીત તથા ગાથાઓ સંભળાવવામાં આવી હતી.

ફાયર ક્ષેત્ર માટેના આઈટીઆઈ અભ્યાસક્રમોમાં પ્રવેશનો આરંભ

આઈટીઆઈના અભ્યાસક્રમો પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને કોન્ટ્રાકટરો અને ઉદ્યોગજૂથો દ્વારા રોજગારીની તકો પૂરી પાડવામાં આવે છે

ગાંધીનગર, તા. ૨૩

કારકિર્દીના એક આકર્ષક વિકલ્પ તરીકે ઝડપથી ઉભરી રહેલા ફાયરક્ષેત્રના આઈટીઆઈ અભ્યાસક્રમો ધો.૧૦ પછી વિદ્યાર્થીઓને કારકિર્દી અને રોજગારીની શ્રેષ્ઠ તક પૂરી પાડે છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી)માં ગુજરાત સરકારની માન્યતા પ્રાપ્ત આઈટીઆઈ (ફાયરમેન) અને આઈટીઆઈ (ઈન્ડસ્ટ્રીયલ સેફટી, ફાયરમેનશીપ અને ઈમર્જિંગ સર્વિસીસ)ના અભ્યાસક્રમોનો આરંભ થઈ રહ્યો છે. ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો રેકોર્ડ ધરાવતા આ અભ્યાસક્રમોમાં ધો.૧૦ પછી પ્રવેશ મળી શકે છે. પ્રવેશ પ્રક્રિયા માટે સંસ્થાની વેબસાઈટ www.collegeoffiretechnology.comની મુલાકાત પણ લઈ શકાય છે. આઈટીઆઈના આ બંને અભ્યાસક્રમો કુલ એક વર્ષના છે. જેમાં ૧૦ માસની તાલીમ અને ૨ માસના ઈન્ડસ્ટ્રીયલ એટેચમેન્ટનો સમાવેશ થાય છે. ભારતમાં આંતરમાળખાકિય ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે. ઉપરાંત ઔદ્યોગિક સલામતી માટે પણ વધુ સભાનતા આવી રહી છે. આથી જ આઈટીઆઈના અભ્યાસક્રમો પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને કોન્ટ્રાકટરો અને ઉદ્યોગજૂથો દ્વારા રોજગારીની તકો પૂરી પાડવામાં આવે છે. કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીમાં વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની પણ સુવિધા છે. દેશની સારી કંપનીઓ જેવીકે રિલાયન્સ, ઓએનજીસી, જીએસપીસી, એલ એન્ડ ટી, એસ્સાર, હિન્દુસ્તાન ઝીંક, અદાણી, ફોર્ડ, ટીવીએસ લોજેસ્ટીક, જીવીકે, જીએમઆર, ઈફકો, જીએસએફસી પ્લેસમેન્ટ માટે આવે છે.

સીએફટી દ્વારા ધો.૧૨ (સાયન્સ) પાસ પછી બી.એસસી (ફાયર એન્ડ સેફટી)નો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ગુજરાત યુનિવર્સિટીની ડિગ્રી મળે છે. કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી આઈએસઓ ૯૦૧૦ પ્રમાણપત્ર ધરાવે છે. વધુમાં નેશનલ ફાયર પ્રોટેકશન એસોસીએશન - અમેરિકાનું સભ્યપદ તેમજ ધ ઈન્સ્ટીટયુશન ઓફ ફાયર એન્જિનિયરિંગ - યુ.કે સાથે પણ સંસ્થાએ જોડાણ કર્યું છે. ફાયરનાં ક્ષેત્રમાં સંશોધન, વિકાસ અને શિક્ષણમાં પ્રવૃત્ત કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીને તાજેતરમાં જ ઓમાનની પેટ્રોલિયમ ડેવલપમેન્ટ ઓમાન સંસ્થાના કર્મચારીઓને ફાયર અને સેફટીની તાલીમ પુરી પાડવા માટેનો કોન્ટ્રાકટ મળ્યો છે.

ફોર્મ અને પ્રોસ્પેકટર્સ મેળવવા કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીની રૂબરૂ મુલાકાત કરી શકાય છે. સરનામું છે : ૮૬, ગામ - ખોડા, તાલુકો - સાણંદ, સાણંદ-વિરમગામ હાઈવે, અમદાવાદ. (ફોન.નં. ૦૭૯ - ૨૬૫૮૪૦૮૦/ ૨૬૫૮૭૦૦૯, ૯૪૨૮૭ ૩૫૦૩૪) સંસ્થાની વહીવટી કચેરીએ કાઉન્સીલીંગની વ્યવસ્થા છે. તેમજ સંસ્થાની વેબસાઈટ www.collegeoffiretechnology.comની મુલાકાત પણ લઈ શકાય છે.

ઑલ ઈન્ડિયા પ્રિ-વેટરનરી ટેસ્ટનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૨૩

ઓલ ઈન્ડિયા પ્રિ-વેટરનરી ટેસ્ટ ૨૦૧૬નાં પરિણામની જાહેરાત ભારત સરકારના કૃષિ અને કૃષક કલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી દ્વારા ૨૦ જૂનો જાહેર કરવામાં આવ્યું છે.

ભારતીય પશુ ચિકિત્સા પરીષદ, ઈન્ડિયન વેટરનરી કાઉન્સીલ એક્ટ-૧૯૮૪ હેઠલ સ્થાપના કરવામાં આવેલ એક વૈધાનિક સંસ્થા છે, જે વેટરનરી પ્રેક્ટિસ અને વેટરનરી શિક્ષણ માટે જવાબદાર છે, જે વેટરનરી પ્રેક્ટિસ લઅને વેટરનરી શિક્ષણ માટે જવાબદાર છે.

ભારતીય પશુચિકિત્સા પરિષદ દ્વારા ૧૯૯૫થી ઓલ ઈન્ડિયા પ્રિ-વેટરનરી ટેસ્ટ યોજવામાં આવે છે અને વર્ષ ૨૦૦૦માં ઉમેદવારની સંખ્યા ૧૪૬૬૫થી વધીને વર્ષ ૨૦૧૬માં ૮૪૦૧૨ થયેલ છે.

કોચીઝ તથા સ્પોર્ટ્સ ફીઝીયોથેરાપીસ્ટ માટે સ્ટેન્થ્ર એન્ડ કન્ડીશનીંગમાં સર્ટીફિકેટ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના આર્થિક સહયોગથી ગુજરાત રાજયના ઉપ જેટલા વિવિધ રમતોમાં કોચીઝ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં કામ કરતા સ્પોર્ટ્સ ફીઝીયોથેરાપીસ્ટ માટે એક્સરસાઈઝ એન્ડ સ્પોર્ટ્સ સાયંસીસ ઈન્ટરનેશનલ કન્સલટન્સીસના નિષ્ણાત અને સ્પોર્ટ્સ સાયંટીસ્ટ દ્વારા વડોદરા ખાતે આવેલ માંજલપુરના અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં પાંચ દિવસ માટે સ્ટેન્થ્ર એન્ડ કન્ડીશનીંગમાં સર્ટીફિકેટ પ્રોગ્રામ લેવલ-૨નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોર્ષમાં ફીઝીયોલોજીકલ બેજીઝ ઓફ સ્ટેન્થ્ર એન્ડ કન્ડીશનીંગમાં ઈન્ડ્યુરન્સ, એજીલીટી કો.ઓર્ડિનેશન એન્ડ ફ્લેક્સીબીલીટીના વિષય પર માનવ રચના ઈન્ટરનેશનલ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ સાયંટીસ્ટ ડૉ. જી. એલ. ખન્ના વિગતે જાણકારી આપશે. તદુપરાંત ઈજાઓ થતી રોકવા તથા કસરતો દરમિયાન જરૂરી સલામતીના અને સ્પોર્ટ્સ થેરાપી વિષય પર એપોલો હોસ્પીટલના જાણીતા ફીઝીયોથેરાપીસ્ટ ડૉ. કે. એમ. અન્નામલાઈ પણ પોતાની સેવાઓ આપનાર છે. સ્પીડ તથા પાવર ડેવલપમેન્ટ તથા સહનશક્તિના વિકાસ માટે જરૂરી તાલીમ કાર્યક્રમના ઘડતર માટે અને સ્પર્ધાની તૈયારી કરવા માટેની વ્યૂહરચના, પ્લાનીંગ અને પરફોમન્સ એનાલીસીસ તથા રીપોટીંગ માટે મલેશીયાની ESSICONના સ્કૂલ ઓફ હેલ્થ સાયંસ, યુનિવર્સિટી એન્ડ સાયંસ યુનિવર્સિટી SAINS મલેશિયાના સ્પોર્ટ્સ સાયંટીસ્ટ ઓલેકઝાન્ડર પણ પોતાની સેવાઓ આપી રહયા છે.

ઉપરોક્ત તાલીમ કાર્યક્રમના માધ્યમથી ગુજરાતના રાહબરોને ESSICON તથા SGSU તરફથી લેવલ-૨નું પ્રમાણપત્ર આપવામાં આવશે. આ તાલીમના માધ્યમથી ઉપ જેટલા કોચીઝ પોતાના ખેલાડીઓને તાલીમી કાર્યક્રમ દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાન અને આંતરરાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતો સાથે થયેલ ચર્ચા-વિચારણા બાદ નવા અનુભવ અને જ્ઞાનના ભાથા સાથે ભાવિ ખેલાડીઓના ઘડતરમાં તેનો સીધો લાભ આપી શકશે અને ગુજરાત રાજયના ખેલાડીઓના રમતગમત ક્ષેત્રના વિકાસ માટે મદદરૂપ થઈ શકશે. આ પ્રકારના ઉપક્રમ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કોચ એજ્યુકેશન પ્રોગ્રામના માધ્યમથી વિસ્તૃત સ્વરૂપે શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત ભવિષ્યમાં ભારત માટે સ્પોટીંગ હબ બને તેવા પ્રકારના ઉપક્રમોનું આયોજન કરવા અને ગુજરાતના રાહબરોના જ્ઞાનવર્ધન માટે સતત પ્રયત્નશીલ રહેશે. યુનિવર્સિટીના કોચ એજ્યુકેશનના આ ઉપક્રમમાં હોકીના લેજન્ડ ધનરાજ પીલ્લાઈ પણ માર્ગદર્શન અને પ્રેરણા આપવા ઉપસ્થિત રહ્યા હતા.

સજન રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સવારથી સાંજ અને રાત્રીની સવારનું કાલચક્ર અવિરત ફરતું રહે છે. માણસ માત્ર આ ચક્રની સાથે ઊઠે, ભાગે, દોડે અને વિરામ કરી ફરીથી દોડતો થાય એ મુજબનું જીવન અતિ રસહિન, કસહિન અને રૂક્ષ થઈ રહ્યું છે પણ દોડતાં રહેવું ફરજિયાત થઈ ગયું છે. જીવન એ પ્રશ્નો અને ઉકેલની મથામણમાં જેમ મૂઠ્ઠીમાં રહેલી ઝીણી રેતી સરકતી જાય એમ રોજ સરકતું જાય છે ! સમયને કદી બાંધી શકાતો નથી, સમય બધાને જુદા જુદા બંધનમાં બાંધતો રહે છે એ ઈશ્વરની ખુદની રચના છે. જીવનનું પ્રયોજન અને મૂલ્ય જો કોઈ ખરા અર્થમાં સમજી જાય તો જીવન તેના માટે ભારરૂપ રહેતું નથી. અથવા બીજા શબ્દોમાં

કહીએ તો જીવનસાગર તે સહજ રીતે તરી જાય છે.

માનવજાત એવી વિશિષ્ટ છે કે તેને બધું જ ઝંઝટમુક્ત, સરળ, પીડારહિત અને ત્વરિત જોઈએ છે અને એટલે તેના દિલમાં શાંતિ સર્જાતી નથી. વરસાદ ના આવે તો ઉપાધિ, ખૂબ આવે તો ચિંતા, લાંબો સમય આવે તો જિંદગી હારી ગયા... બસ, કોઈપણ સ્થિતિને સુખદ અવસરમાં સ્વીકારવાની કોઈ માનસિકતા જ રહી નથી અને આજના સ્પર્ધાત્મક જીવનમાં માણસ જલદીથી હાર માની લઈ દુખી થવા લાગે છે, તેને ઈશ્વરના આયોજન ઉપર શ્રદ્ધા નથી તો બીજી તરફ માનવીય પ્લાનિંગમાં શું ખરાબી અને પીડા છે તે બરાબર જાણે છે એટલે સુખનું ઉગવું અશક્ય થઈ જાય છે !

કોઈનું મળવું કે જુદા પડવું કદી આકસ્મિક જણાય છે પરંતુ હોતું નથી, એ ઈશ્વરનું આયોજન હોય છે. આ નથી સમજાતું એટલે માનવ સત્ય સત્વરે ચૂકી જાય છે. સત્ય અહિંસાની વાતો જૂની થતી નથી પરંતુ લોકો અસત્યને શરણે ઝડપથી જાય છે, તેનાં ઘણાં કારણો છે અને પ્રત્યેક વ્યક્તિ પોતાના કારણે ન્યાય કર્યા કરે છે એટલે જોખ્યા કરે છે. મારી નજરમાં હુ કદી નીચો હોતો નથી અને હું બીજાની નજરમાં જઈને મારી જાતને નિરખતો નથી ! ધાર્મિક ગ્રંથોમાં કોમન મેસેજ એ છે કે સૌ પ્રથમ તું તને જ ઓળખ, ઈન્સાન બની જા. પછીની આપત્તિઓ સ્વયં નહીં રહે. સર્વ દિશાઓમાંથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના ઋગ્વેદમાં આપી છે, પરંતુ બધી દિશાઓમાં વૈચારિક ગંદકી અને નકારાત્મકતા એટલી ભરવામાં આવી છે કે કશું સ્વીકાર્ય કરવા જેવું બચવા દીધું નથી. અસત્યની રાહ ઉપર પ્રેય મળે પરંતુ શ્રેય મળતું નથી અને એક દિવસ કરેલાં કાર્યોનો હિસાબ ઉપરવાળાને દેવાનો થશે તે નક્કી છે !! એક જૂઠ હજાર જૂઠને જન્મ આપે છે એ વિષચક્રમાં જઈ માણસ પોતાની જિંદગીની સફરને અસહ્ય બનાવી મૂકે છે. ઘણા લોકો ધાર્મિક કથાવાર્તા, સેમિનારમાં જાય છે અને તેની પ્રશંસા કરે છે પરંતુ દિલમાં શું ઉતાર્યું ? હૃદયમાં મોટું ડસ્ટબિન રાખ્યું છે એટલે જીવનને સુગંધિત કરવું કપરું થઈ ગયું છે. માનવી કરતાં બીજા જીવોને ઈશ્વરના કાર્ય કે નિર્ણયમાં વધુ શ્રદ્ધા હોય એવું જોવા મળે છે.

કહેવાય છે કે સત્યની ભૂમિ પર કેડી કંડારવી પડે છે. સત્યનો અને પ્રેમનો માર્ગ શૂરાઓનો છે, તેમાં ડરપોક લોકો ચાલી શકતા નથી. અસત્ય એટલે જેની સહજ સ્વીકૃતિ હોય છતાં અંત આંસુઓથી હોય તે તમામ ઘટનાઓ જીવનમાં પ્રત્યેક કદમ ઉપર આવતી જ રહે છે. માણસ સફળતાને જીવનમાં માત્ર હસ્તરેખાઓમાં શોધ્યા કરે અને પુરુષાર્થમાં સત્યને ત્યજી દે તો પરિણામ કદી અપેક્ષિત મળતું નથી. સ્વયંને માન સન્માન આપવાનું કૃત્ય સત્યના માર્ગે પ્રથમ ચરણ હોય છે. ગાંધીજીએ સત્યના પ્રયોગો કર્યા પરંતુ આમ વ્યક્તિ માત્ર પ્રયોગ કરવાની પણ ખેવના કરતો નથી એટલે સમાજ જે રીતે ઘડાઈ રહ્યો છે તેમાં ટૂકા રસ્તા, સસ્તી લોકપ્રિયતા, ઓછી મહેનત, નિષ્ઠાહિન દોડ વગેરે ચાલુ રહ્યા કરે છે તેથી સામાજિક અજંપો દૂર થતો નથી.

જન્મોજન્મના પુણ્ય એકઠા થાય ત્યારે માનવ તરીકે જન્મ મળે છે તેની નોંધ કોઈ લેતું નથી પરંતુ ખુદાને ત્યાં ચાલતા જ જવાનું છે અને કરેલા કર્મનો હિસાબ આપવાનો છે. પ્રત્યેક સજીવના આયુષ્ય પાછળ ભગવાનના મૂકેલા હેતુઓ અવશ્ય છે. માટે રોજ ઈશ્વરનો પ્રાર્થના થકી આભાર માનવાનો છે. સુખદુખ તો ચાલતા રહે છે એમાં ગુંચવાઈ જવાનું નથી. ત્રિગુણાત્મક માયા ઈશ્વરીય છે પરંતુ વિવેકબુદ્ધિ પોતાની છે માટે જૂઠનો ત્યાગ કરી સાચા મારાગે જીવન લઈ જવું એ સફળ માનવનું સ્વરૂપ માનવામાં આવે છે. જીવો, જીવવા દો અને જીતવા દો કારણ કે તેમાં જ તમારી જીત છે.

પૂછ્યું મેં કોણ છે ? ઉત્તર મળ્યો, યયાતિ છે
ને બહાર જોઉં તો આખી મનુષ્ય જાતિ છે

(મુકુલ ચોકસી)

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

'મારા પ્રેમાળ પાડોશી'